eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 187
July 10, 2009

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે જુન ૨૦૦૯–૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં જુન માસ દરમ્યાન ૩૬૪૩ ઈન્ડોર તથા ૪૧૮૯૫ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૨૯ તથા ૫૮૫ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ ધ્વારા વર્ષ દરમ્યાન યોજવામાં આવતી મહેંદી, ગોરમાગીત, દેશભકિતગીત, ચિત્રકામ, કાર્ડ મેકીંગ, રંગોળી, વેશભૂષા, નિબંધ, વકતૃત્વ, વર્ષાગીત, લગ્નગીતની સ્પર્ધાઓ તેમજ નાટય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ ધ્વારા વર્ષ દરમ્યાન યોજવામાં આવતી મહેંદી, ગોરમાગીત, દેશભકિતગીત, ચિત્રકામ, કાર્ડ મેકીંગ, રંગોળી, વેશભૂષા, નિબંધ, વકતૃત્વ, વર્ષાગીત, લગ્નગીતની સ્પર્ધાઓ તેમજ નાટય સ્પર્ધામાં જે તે ક્ષેત્રના તજજ્ઞોની નિર્ણાયક તરીકે સેવા લેવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ ધ્વારા શૈક્ષણિક સંસ્થાની આસપાસનાં ૧૦૦ મીટરનાં વિસ્તારમાં તમાકુ પ્રોડકટસનાં વેચાણ કરતા–લારી ગલ્લાઓ પર શિક્ષાત્મક કાર્યવાહી

"તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩" ની કલમ–૬ અન્વયે શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ તમાકું પ્રોડકટસનું વેચાણ પ્રતિબંધીત છે. આમ છતાંશૈક્ષણિક સંસ્થાની આસપાસનાં ૧૦૦ મીટરનાં વિસ્તારમાં તમાકુ, ગુટકા, બીડી, સિગારેટનાં વેચાણ કરતા લારી ગલ્લા ધ્યાને લઈ મ્યુનિ. કમિશનરશ્રીએ આપેલ આદેશ મુજબ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા)ની કામગીરી

સીમાડા વિસ્તારમાં ટાટા કંપનીનું ગેરકાયદેસર ટાવરનું ડીમોલીન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.જે મુજબ તાઃ૦૪/૦૭/૨૦૦૯ ના રોજ કરંજ શહેરી આરોગ્યકેન્દ્ર, સુરત ખાતે સવારે ૦૯–૩૦ કલાક થી બપોરે ૨:૦૦ કલાક દરમ્યાન આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી, શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી વીણાબેન નાણાવટી, રૂગ્ણાલયો, વૈદકીયરાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રંજનબેન સરતાનપુરા, માજી મેયર ર્ડા. કનુભાઈ માવાણી, વરાછા ઝોનના મ્યુ.સદસ્યશ્રીઓ શ્રી જાદવભાઈ રાદડીયા, શ્રી રાજેશભાઈ જોળીયા, શ્રી નરેશભાઈ ધામેલીયા.મ્યુ.કમિશનર કુ.એસ.અપર્ણા, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈ, વરાછા ઝોનના ઝોનલ ચીફ શ્રી જે.કે.શાહ / કાર્યપાલક ઈજનેરશ્રી બી.આઈ.દલાલ, કુટુંબ કલ્યાણ વિભાગના મેડીકલ ઓફીસર ર્ડા અરૂણાબેન પટેલ, નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.એ.શ્રોફ / ડો.કલ્પેશ ખત્રી, ર્ડા. વી.વી.પરમાર, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, કરંજ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ)એ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ તથા પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, ''સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ રહે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમા વિના મૂલ્યે નિદાન / સારવાર આપવામાં આવે છે.'' યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી પાણી જન્ય / પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની સમજ મેળવી તેનો અમલ નાગરિકો કરશે તો રોગ–ચાળાનું પ્રમાણ ઘટાડી શકાશે તેમ જણાવ્યુ હતુ.

આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી વીણાબેન નાણાવટીએ પ્રાસંગિક પ્રવચનમાં મહાનગરપાલિકાના પ્રયત્નોથી રોગ ચાળાનું પ્રમાણ ઘટવા પામેલ છે જેથી આરોગ્ય વિભાગની કામગીરીને બીરદાવી હતી. સ્થાનિક રહીશોને આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો લાભ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી જાણકારી મેળવવા તથા મહાનગરપાલિકાને સાથ સહકાર આપવા જણાવ્યુ હતુ.

મ્યુ.કમિશનરશ્રી કુ. એસ. અપર્ણાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, ''છેલ્લા ત્રણ વર્ષથી મહાનગરપાલિકા મારફતે આ પ્રકારના કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. જેમાં શાસક પક્ષ તરફથી પ્રોપ્સાહન તથા જરૂરી સહકાર પ્રાપ્ત થયેલ છે.'' માતા અને બાળકના સ્વાસ્થ્યની ખાસ કાળજી રાખવાનો અનુરોધ કર્યો હતો તથા આ કેમ્પોને આંગણવાડીના બાળકો/સગર્ભા માતા માટે રેફરલ સેવા સાથે સાંકળવા સુચન કર્યુ હતું.

**Continue...**

શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે આરોગ્ય નિદાન કેમ્પના આયોજન કરવા બદલ સુરત મહાનગરપાલિકાનો આભાર વ્યકત કર્યો હતો. નાગરીકોને પોતાના ઘર આંગણે આરોગ્યલક્ષી સુવિધાઓ વિના મૂલ્યે મળી રહે તે માટે આવા કેમ્પોનુ આયોજન કરવામાં આવેલ છે જેનો નાગરીકોને લાભ લેવા તથા નિરોગી રહે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.

માજી મેયર ર્ડા. કનુભાઈ માવાણીએ ''પહેલુ સુખ તે જાતે નર્યા'' ની કહેવત સાથે પ્રાસંગિક પ્રવચનમાં નાગરીકોને સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થવા અનુરોધ કર્યો હતો. મોટે ભાગે નાગરીકોના માનસ પર એવી છાપ હોય છે કે સરકારી દવાખાનામાં મળતી સારવાર સારી હોતી નથી પરંતુ ખરેખર સુરત મહાનગરપાલિકા સંચાલિત હોસ્પીટલ / શહેરી આરોગ્ય કેન્દ્રો / આવા કેમ્પોમાં નિષ્ણાંત તબીબો દ્વારા જ નિદાન કરી સારવાર આપવામાં આવે છે જેનો બહોળો લાભ લેવા માટે નાગરીકોને અનુરોધ કર્યો હતો તેમજ આરોગ્યલક્ષી પ્રદર્શનમાં પર્સનલ હાઈઝીન અંગે પણ માગદર્શન આપવા સુચન કયું હતું.

ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે મહાનગરપાલિકા તરફથી આવા કેમ્પો યોજવામાં આવે છે તે સરાહનીય છે પરંતુ નાગરિકોને સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થવા તથા રોગચાળો ન થાય તે માટે કાળજી રાખવા અનુરોધ કર્યો હતો.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો કરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર તથા આસપાસ વિસ્તારના ૫૦૪ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૭૮,ચામડીના નિષ્ણાત દ્વારા ૧૦૭, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૩૫, બાળરોગ નિષ્ણાત દ્વારા ૩૮, ફિઝીશ્યન દ્વારા ૨૦૬ અને સર્જન દ્વારા ૪૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ. ટેકનીશીયન દ્વારા ૨૬ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા. ૧૩ ઓ.આર.એસ. પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૩૭ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ, નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય,પાણી સંલગ્ન, એઈડઝ, ટી.બી., મેલેરીયા વિ.રોગ વિષેના પોષ્ટરો, બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૧,૫૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. વાહકજનિક રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૭૫૦ ઓરલ પીલ્સ ૧૬ પેકેટ વિતરણ કરી કોપર–ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી તથા ૩૯૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૧૪૪બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૧૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત વિવિધ ઝોનમાં શહેરી આરોગ્ય કેન્દ્રો દ્વારા જુદા જુદા વિસ્તારમાં રાખવામાં આવેલ કેમ્પોમાં ૬૨૪ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ર્ડા હેંમત દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

**TOP**

## માહે જુન ૨૦૦૯–૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં જુન માસ દરમ્યાન ૩૬૪૩ ઈન્ડોર તથા ૪૧૮૯૫ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૨૯ તથા ૫૮૫ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૦૨૫ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૪૩૬ અને જુના ૩૪૬ દર્દીઓ સહીત કુલ ૭૮૨ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૭૬૮ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૧૮૬ તથા આંખ વિભાગમાં ૨૫૮૪ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૧૩૮૨ દર્દીઓનું નિરીષણ કરવામાં આવ્યુ હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ ધ્વારા વર્ષ દરમ્યાન યોજવામાં આવતી મહેંદી, ગોરમાગીત, દેશભકિતગીત, ચિત્રકામ, કાર્ડ મેકીંગ, રંગોળી, વેશભૂષા, નિબંધ, વકતૃત્વ, વર્ષાગીત, લગ્નગીતની સ્પર્ધાઓ તેમજ નાટય સ્પર્ધા

(૧) સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ ધ્વારા વર્ષ દરમ્યાન યોજવામાં આવતી મહેંદી, ગોરમાગીત, દેશભકિતગીત, ચિત્રકામ, કાર્ડ મેકીંગ, રંગોળી, વેશભૂષા, નિબંધ, વકતૃત્વ, વર્ષાગીત, લગ્નગીતની સ્પર્ધાઓ તેમજ નાટય સ્પર્ધામાં જે તે ક્ષેત્રના તજજ્ઞોની નિર્ણાયક તરીકે સેવા લેવામાં આવે છે. આ વર્ષે નાટય ક્ષેત્રના નિર્ણાયકશ્રીઓનું લીસ્ટ અપગ્રેડ કરવાનું હોય તથા વિવિધ ક્ષેત્રમાં તૈયાર થયેલ નાટય અંગેના નવા તજજ્ઞો નો ઉમેરો કરવાનો હોય, નાટય તેમજ વિવિધ કલા ક્ષેત્રના તજજ્ઞોએ તેમની સંપૂર્ણ માહિતી તથા ફોન નંબર મોબાઈલ નંબર સાથેનો બાયોડેટા ઉપરાંત જેતે ક્ષેત્રમાં કોઈ પારંગતતા મેળવી હોય તો તેની સાથેની અરજી સાંસ્કૃતિક વિભાગ, ન. પ્રા. શાળા ક્રમાંક –૧૪૨, સીલ્ક માર્કેટની સામે, મેમણ હોલની બાજુમાં, ચોકબજાર, સુરત ખાતે તા. ૨૦–૦૭–૨૦૦૯ સુધીમાં મોકલી આપવા વિનંતી કરવામાં આવી હતી.

(૨) સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણાવ્રત નિમિત્તે તા. ૫ અને ૬ જુલાઈ, ૨૦૦૯ ના રોજ રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ ખાતે માધ્યમિક, ખુલ્લા અને પ્રાથમિક વિભાગનાં જુદાજુદા વય જૂથ પ્રમાણે સાદી મહેંદી અને અરેબિક મહેંદીના કુલ ૬ (છ) વિભાગમાં મહેંદી સ્પર્ધા યોજવામાં આવી હતી. આ પ્રસંગે સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી સ્વાતિબેન ભટ્ટ, ઉપાધ્યક્ષા શ્રીમતિ હિનાબેન કાબરાવાળા, આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતિ વીણાબેન નાણાવટી, સાંસ્કૃતિક સમિતિના સદ્દસ્યા શ્રીમતિ ઉર્મિલાબેન રાણા, શ્રીમતિ પ્રભાબેન તરસરીયા, શ્રીમતિ ગીતાબેન પટેલ તથા અન્ય મ્યુ. સદ્દસ્યશ્રીઓની ઉપસ્થિતીમાં દીપ પ્રાગટય કરી મહેંદી સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં પ્રાથમિકમાં ૨૭૦ બાલિકાઓ, માધ્યમિકમાં–૧૫૦ કન્યાઓ અને ખુલ્લા વિભાગમાં ૨૭૦ યુવતી/મહિલાઓ મળી મહિલાઓ મળી કુલ– ૬૯૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

**પ્રાથમિક વિભાગ**

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | શીરાવાલા જાનવી ડી. | વરીયા વૈદેહી |
| દ્વિતિય | મોદી બોનીશા | પટેલ ફાઈઝા ફૈજા |
| તૃતિય | દલાલ નિશી અલ્પેશકુમાર | રંગરેજ ઉર્વી |
| આશ્વાસન | મારેજા અનુષા એન. | તસલીમબાનુ સાહીદ અલી |
| " | પવાર રોહિણી એન. | રાવલ કાજલ વલ્લભભાઈ |
| " | રાણા વર્ષા પી. | મેમોન ઝેનલ |
| " | મન્યારા મુતાહરા | માંજુ મુબશ્શીરા મોહમદ |
| " | રૂમાનાબેગમ સમીરભાઈ સૈયદ | અન્સારી સગુફતા |

Continue ...

### માધ્યમિક વિભાગ

| | | |
|---|---|---|
| પ્રથમ | શર્મા નેહા પી. | સિદાન પરીન સલીમ |
| દ્વિતિય | મોદી કૃતી યોગેશકુમાર | માસ્તર દિક્ષીતા એન. |
| તૃતિય | પ્રિયા વિજય કેદારે | પ્રજાપતિ શિવાંગી ઉપેશભાઈ |
| આશ્વાસન | ગરબાવાલા અંકિતા સુનિલભાઈ | પટેલ ફરજાના ગુલામભાઈ |
| '' | ભીમાણી હિરલ વી. | શેઠ નર્ગીસ |
| '' | શાહ અંજલી નરેન્દ્રભાઈ | રાણા મયુરી પ્રવિણભાઈ |
| '' | શેખ હીના ઈસ્માઈલ | રાજ શબનમ એહમદ. |

### ખુલ્લો વિભાગ

| | | |
|---|---|---|
| પ્રથમ | શેખ નજમાબીબી નુરહસન | પટેલ સોનલ પ્રભુભાઈ |
| દ્વિતિય | દર્શનાબેન ડી. પ્રેસવાલા | સુમૈયા મુસા પટેલ |
| તૃતિય | મોદી સ્વાતિ દેવેન્દ્રભાઈ | શેખ આશીયા |
| આશ્વાસન | ભામિનીબેન ગાંધી | ફિરદોસબાનુ અલ્લારખા પઠાણ. |
| '' | પુનમબેન ટી. ઘડીયાળી | થજરે મમતા શ્યામસુંદર |
| '' | નિમિષાબેન જાદવ | બુલબુલ લાકડાવાલા |
| '' | પંકિતબેન કાપડીયા | જાગૃતિબેન સુંદરલાલસરતાનપરા |

આ સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ સ્વાતિબેન ભટ્ટ, ઉપાધ્યક્ષા શ્રીમતિ હિનાબેન કાબરાવાળા, આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતિ વીણાબેન નાણાવટી, રૂગ્ણાલયો અને વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ રંજનબેન સરતાનપરા, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષા શ્રીમતિ નયનાબેન નાયક, સાંસ્કૃતિક સમિતિના સદસ્યા શ્રીમતિ ઉર્મિલા રાણા, શ્રીમતિ પ્રભાબેન તરસરીયા, શ્રીમતિ ગીતાબેન પટેલ તથા મ્યુ. સદ્દસ્યશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર્વશ્રીમતિ અમીબેન દલાલ, શ્રીમતિ મીતુબેન માલુ, શ્રીમતિ દક્ષાબેન જોષી, શ્રીમતિ નિમિષાબેન ભાટીયા, શ્રીમતિ દિવ્યાબેન કાપડીયા, કુ. મીતાલીબેન પ્રેસવાલા કુ. ખુશ્બુ સોની એ સેવા આપી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ ધ્વારા શૈક્ષણિક સંસ્થાની આસપાસનાં ૧૦૦ મીટરનાં વિસ્તારમાં તમાકુ પ્રોડકટસનાં વેચાણ કરતા–લારી ગલ્લાઓ પર શિક્ષાત્મક કાર્યવાહી

''તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩'' ની કલમ–૬ અન્વયે શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ તમાકું પ્રોડકટસનું વેચાણ પ્રતિબંધીત છે. આમ છતાંશૈક્ષણિક સંસ્થાની આસપાસનાં ૧૦૦ મીટરનાં વિસ્તારમાં તમાકુ, ગુટકા, બીડી, સિગારેટનાં વેચાણ કરતા લારી ગલ્લા ધ્યાને લઈ મ્યુનિ. કમિશ્નરશ્રીએ આપેલ આદેશ મુજબ આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે. કમિશ્નર (હેલ્થ અનેહોસ્પીટલ) ર્ડા. હેમંત દેસાઈનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીઓએ આરોગ્ય વિભાગનાં તેમજ દબાણ વિભાગનાં સ્ટાફને સાથે રાખીને શૈક્ષણિક સંસ્થાની આસપાસનાં સંસ્થાઓ પાસેથી ગુટકા–તમાકુ પ્રોડકટસ જપ્ત કરવા તેમજ લારી ગલ્લા ઉપાડી દંડ વસુલાત કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.

આ ઝુંબેશ શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ કુલ–૪૪૬ જેટલા લારી –ગલ્લાનું ચેકીંગ કરતા ૩૪૮૬ ગુટકાનાં પાઉચ, ૨૨૫ તમાકુ પડીકી/પાઉચ, ૮.૫૮૦ ગ્રામ તમાકુ અને બીડી સિગારેટનાં ૧૯૨ પેકેટ મળી આવેલ. જે જપ્ત કરી કુલ રૂા. ૧૩,૩૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકાની અવાર નવાર તપાસ દરમ્યાન ફરીથી તેજ સ્થળે તમાકુ પ્રોડકટ વેચાણ કરતા ૨૦ ઈસમોનાં લારી ગલ્લા દબાણ ખાતા સાથે રહીને જપ્ત કરવામં આવેલ છે. જેને કારણે શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ તમાકું પ્રોડકટસનું વેચાણ પર મહદઅંશે અંકુશ આવેલ છે અને આવી ઝુંબેશ સુરત મહાનગરપાલિકા ધ્વારા ચાલુ રાખવામાં આવનાર છે.

તમામ શાળાનાં આચાયોને પણ આ બાબતે જણાવવામાં આવે છે કે શાળાની આસપાસનાં ૧૦૦ મીટરનાં વિસ્તારમાં પ્રતિબંધીત તમાકુ, ગુટકા તથા આવી પ્રોડકટ વેચતા લારી ગલ્લાઓ બાબતેની લેખિત જાણ નજીકની વોર્ડ ઓફિસે કરવાની રહેશે.

TOP

## પૂર્વઝોન (વરાછા)ની કામગીરી

**સીમાડા વિસ્તારમાં ટાટા કંપનીનું ગેરકાયદેસર ટાવરનું ડીમોલીન.**

પૂર્વ (વરાછા) ઝોન વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૬૮, સીમાડામાં આવેલ સ્વામીનારાયણ સોસાયટી વિ–૧ માં આવેલ નિલકંઠ શોપીંગ સેન્ટરની આગાસીમાં ટાટા કંપનીનું ગેરકાયદેસર ટાવર ઉભુ કરવા માટે આશરે ૧૭×૧૫ ફુટ માપ વિસ્તારમાં (આર.સી.સી. કોલમ, બીમ) ફાઉન્ડેશનનું કામ શરૂ કરવામાં આવેલ.જેને અગાઉ સીલ પણ મારવામાં આવેલ હતું જે તોડી સદર કામગીરી ચાલુ કરવામાં આવેલ જેથી, અત્રેનાં ઝોન ધ્વારા આર.સી.સી. કોલમ બીમનું કોલમ , બીમનું ફાઉન્ડેશન તોડવાની કામગીરી કરવામાં આવેલ.

TOP